# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus

Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh

Ph.(O) : 0285-2681448

Website: http://www.bknmu.edu.in Email : phdbknmu@gmail.com


## પરિપત્ર

**વિષય: Ph.D.કોર્સવર્ક (ઓનલાઈન) માં ભાગ લેવા બાબત.**

આથી યુનિવર્સિટીના તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ/તમામ માન્ય પીએચ.ડી. સુપરવાઈઝર/ગાઈડશ્રીઓ તથા Ph.D.રીસર્ચ સ્કોલર્સને માન. કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવાનુકે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પીએચ.ડી.ની પદવી માટે નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓનું યુ.જી.સી. ના પીએચ.ડી. માટેના વિવિધ રેગ્યુલેશન, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સંબંધિત ઓર્ડીનન્સ પ્રમાણે પીએચ.ડી કોર્ષવર્ક કરવાનું થાય છે જે પીએચ.ડી. સ્કોલર્સ વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૧૯ માં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં રજીસ્ટર્ડ થયેલા છે તેઓએ HRDC(એકેડેમિક સ્ટાફ કોલેજ), ગુજરાત યુનિવર્સિટી અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે યોજેલ **Online** કોર્સવર્ક કરવાનું થાય છે. આ કોર્સ વર્ક **Human Resource Development Centre (HRDC)**, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવેલ **blended mode** થી કરવાનું થાય છે. તેથી આપના વિભાગમાં નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓને નીચેની સુચના આપવા જણાવવામાં આવે છે.

1. પીએચ.ડી. કોર્ષવર્ક બાબતની તમામ માહિતી Ph.D. Coursework પર ક્લીક કરવાથી ઉપલબ્ધ થશે.
2. કોર્સવર્કમાં છ ક્રેડીટનો કોર્સ ઓનલાઈન કરવાનો છે જે Ph.D.સ્કોલર ઓનલાઈન પોતાનાં ઘરે, અને પોતાની અનુકુળતા પ્રમાણે કોમ્પ્યુટર/મોબાઈલ ફોન/લેપટોપ અને ઇન્ટરનેટનો ઉપયોગ કરી પ્રતિ દિન બે કલાક લેખે ત્રીસ દિવસમાં પૂર્ણ કરવાનો રહેશે જેમાં ઓનલાઈન લેક્ચર્સ, ટાસ્ક્સ, એસાઇન્મેન્ટ્સ, એમસીક્યુ, ક્વિઝ પ્રેઝન્ટેસન વગેરે કરવાના રહેશે. ત્યારબાદ પરીક્ષા આપવાની રહેશે જેની ફી રૂ.૧૦૦૦/- પરીક્ષા સમયે અલગથી ભરવાની રહેશે.
3. પીએચ.ડી. કોર્ષવર્ક કરવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓએ આ વેબસાઈટ પરથી પીએચ.ડી. કોર્ષવર્ક માટે રજીસ્ટ્રેશન કરાવવાની નીચે આપેલ લીંક પર ક્લિક કરી ઓનલાઈન રૂ. ૨૫૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરી, વેબસાઈટ પર આપેલ સુચના મુજબ રજીસ્ટ્રેશન કરવાનું થાય છે.
4. કોર્સવર્ક માટે તા: ૦૬/૦૭/૨૦૨૦ થી ૩૦/૦૭/૨૦૨૦ સુધીમાં online Registration આ લીંક પર કરાવવાનું રહેશે **https://forms.gle/HvTMvGtj7GxJNV868**
5. પ્રત્યેક સુપરવાઈઝર/ગાઈડશ્રીએ પોતાનાં માર્ગદર્શન હેઠળ સંશોધન કરતા વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી કોર્સવર્ક પૂર્ણ કરે તેની તકેદારી રાખવાની રહેશે.

# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh
Ph.(O) : 0285-2681448
Website: http://www.bknmu.edu.in Email : phdbknmu@gmail.com


6. કોર્સવર્ક શરુ થવાની સંભવિત તારીખ ૧૦/૦૮/૨૦૨૦ રહેશે.
7. વિદ્યાર્થીએ સ્કેન કરેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો , આ સાથે સામેલ નમુના મુજબનું ડીકલેરેશન ફોર્મ (પરિશિષ્ટ-૨) અને પીએચ.ડી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ/ પીએચ.ડી રજીસ્ટ્રેશન ફી ભર્યાની પાવતી વગેરે તૈયાર રાખવાના રહેશે. જે ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાના રહેશે.
8. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પીએચ.ડી. ઓર્ડીનન્સ ૧૪.૪ પ્રમાણે વિદ્યાર્થીઓ ૧૦ ક્રેડીટ કોર્ષવર્ક ફરજીયાત કરવાનું થાય છે.
9. કોર્ષવર્ક HRDC, Gujarat University દ્વારા બ્લેન્ડેડ મોડમાં કરવામાં આવશે. જેની સંપૂર્ણ વિગતો રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ આપના ઈમેલ પર મોકલી આપવામાં આવશે.
10. બાકીની ૪ ક્રેડીટ માટેનું કોર્સવર્ક ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પીએચ.ડી. ઓર્ડીનન્સ ૧૪.૪ પ્રમાણે સંલગ્ન વિભાગ, સંસ્થા કે કોલેજમાં વિદ્યાર્થીના સુપરવાઈઝર/ગાઈડના માર્ગદર્શન મુજબ વિષયને લગતું કોર્સવર્ક કરવાનું રહેશે.
11. સદર વિષયને લગતા ૪ ક્રેડીટ કોર્સવર્ક પૂર્ણ થતા વિદ્યાર્થીના સુપરવાઈઝર/ગાઈડ તેના વિષયને લગતા ૪ ક્રેડીટના કોર્સવર્કનું મૂલ્યાંકન કરશે અને સુપરવાઈઝર/ગાઈડ પોતાના તેમજ તેમના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ (યુનિવર્સિટી વિભાગના કિસ્સામાં) અથવા પ્રિન્સીપાલ કે સંસ્થાના વડાના સહી અને સિક્કા સાથે આ સાથે પરિશિષ્ટ-૧ માં આપ્યા મુજબનું પ્રમાણપત્ર ખાનગી રીતે **૩૦/૦૮/૨૦૨૦** સુધીમાં Director, Human Resource Development Centre (HRDC), Gujarat University, Ahmedabad નાં submission@hrdcgujarat.ac.in પર ઈમેલ દ્વારા મોકલી આપવાનું રહેશે. ચાર (૪) ક્રેડીટનું પ્રમાણ પત્ર રજુ ન કરનારને કોર્સવર્ક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર આપવામાં આવશે નહિ.
12. સદર કોર્ષવર્કમાં ઉતીર્ણ થવા માટે આ ૬ ક્રેડીટનું મૂલ્યાંકન કે જે ૬૦ માર્કસનું રહેશે તેમાં ઓછામાં ઓછા ૫૫% એટલેકે ૩૩ માર્ક્સ મેળવવાના રહેશે અને ૪ ક્રેડીટનું મૂલ્યાંકન કે જે ૪૦ માર્કસનું રહેશે તેમાં ઓછામાં ઓછા ૫૫% એટલેકે ૨૨ માર્ક્સ મેળવવાના રહેશે.
13. Human Resource Development Centre (HRDC), દ્વારા કરવામાં આવેલ ૬ ક્રેડીટ (ઓનલાઈન) અને સંબંધિત સુપરવાઈઝર/ગાઈડ દ્વારા કરવામાં આવેલ ૪ ક્રેડીટનું કોર્સવર્ક આમ ૧૦ ક્રેડીટનું કોર્ષવર્ક પૂર્ણ કર્યે જરૂરી સબમીશન, મૂલ્યાંકન, પરીક્ષાનું પરિણામ અને વિદ્યાર્થીના સમગ્ર દેખાવને આધારે કોર્સવર્ક પૂર્ણતાનું પ્રમાણપત્ર રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ અને Director, Human Resource

Development Centre (HRDC) દ્વારા સયુંકત રીતે આપવામાં આવશે જે દરેક વિદ્યાર્થીએ પીએચ.ડી. સિનોપ્સીસ જમા કરાવતી વખતે સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે અન્યથા તેમનો થીસીસ યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે નહી.

14. કોર્સવર્ક પૂર્ણ થયેથી કોર્સવર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ **phdbknmu@gmail.com** પર મોકલી આપવાનું રહેશે.

04/07/2020

ડો.ફિરોઝ શેખ
Ph.D.કોર્સ કોઓર્ડીનેટર
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

જા.નં.:બીકેએનએમયુ/એકેડેમિક/Ph.D./૦૧/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
જુનાગઢ-૩૬૨ ૨૬૩
તા: ૦૪/૦૭/૨૦૨૦

**પ્રતિ,**

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તમામ વિભાગના અધ્યક્ષશ્રીઓ
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ પીએચ.ડી. સુપરવાઈઝર/ગાઈડશ્રીઓ
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં રજીસ્ટર થયેલ તમામ Ph.D. સ્કોલર્સ

**સાદર રવાના:**

- માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ